અપીલ અરજી નં.૧૯૪ તા.૨૨–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટની તા.૧૮–૮–૦૯ ની અરજીથી (૧) સી.૨૧ પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટ ભેદવાડ પાંડેસરા જીઆઈડીસી સામે ત્રણ માળનું બિલ્ડીંગ નિર્માણ થઈ રહયું છે. (૨) પાન્ડેસરા જીઆઈડીસી ધમણવાળા કોમ્પ્લેક્ષની આગળ અને સુટેક્ષ બેંકની સામે ચાર માળનું બીલ્ડીંગ નિર્માણ થઈ રહયુ છે. જે બાંધકામની પરવાનગી, કાયદેસરતા ક્ષેત્રફળ, પાર્કીંગ તથા માળ તેમજ અત્યારની સ્થિતી ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૪/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટની તા.૧૮–૮–૦૯ ની અરજીથી (૧) સી. ૨૧ પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટ ભેદવાડ પાંડેસરા જીઆઈડીસી સામે ત્રણ માળનું બીલ્ડીંગ નિર્માણ થઈ રહયું છે. (૨) પાન્ડેસરા જીઆઈડીસી ધમણવાળા કોમ્પ્લેક્ષની આગળ અને સુટેક્ષ બેંકની સામે ચાર માળનું બિલ્ડીંગ નિર્માણ થઈ રહયુ છે. જે બાંધકામની પરવાનગી, કાયદેસરતા ,ક્ષેત્રફળ , પાર્કીંગ તથા માળ તેમજ અત્યારની સ્થિતી ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૨ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૦ તા.૩૦–૯–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની તા.૧૮–૮–૦૯ ની અરજીથી (૧) સી. ૨૧ પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટ ભેદવાડ પાંડેસરા જીઆઈડીસી સામે ત્રણ માળનું બીલ્ડીંગ નિર્માણ થઈ રહયું છે. (૨) પાન્ડેસરા જીઆઈડીસી ધમણવાળા કોમ્પ્લેક્ષની આગળ અને સુટેક્ષ બેંકની સામે ચાર માળનું બિલ્ડીંગ નિર્માણ થઈ રહયુ છે. જે બાંધકામની પરવાનગી, કાયદેસરતા ,ક્ષેત્રફળ, પાર્કીંગ તથા માળ તેમજ અત્યારની સ્થિતી ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૨–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૨ ની માહિતી કે કોઈ નિર્ણય મળેલ નથી માટે નમુના 'ક' પ્રમાણે ફકત મુદ્દા નં.૨ માટે અપીલ તથા સમય મર્યાદામાં માહિતી નહીં આપનારને દંડ કરવો તેવી રજૂઆત કરેલ છે. અરજદારે મુદ્દા નં.૧ અંગે માહિતી મળેલ છે કે નહી અથવા તો મળેલી માહિતીથી નારાજગી અંગેની કોઈ વિગતો જણાવેલ નથી. આથી તેમાં તકરારને કોઈ સ્થાન નથી તેવું માનવાને કારણ રહે છે. આમ અરજદારનુ મુદ્દા નં.૨ ની નહીં મળેલી માહિતી બાબતે તકરારનો મુદ્દો રહે છે. વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની કે નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત જણાવ્યા મુજબની જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અંગે નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***<br>
***અને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી.(ઉધનાઝોન).... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,